# બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર
## સંચાલિત
# જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર

## પ્રથમ વર્ષ માસ્ટર ઓફ આર્ટસ (M.A. Sem-I)માં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે M.A. Sem-Iમાં પ્રવેશ અંગેની સુચના

| | |
|---|---|
| ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની સમય-મર્યાદા | તા.:૦૩/૦૬/૨૦૨૩ થી તા.: ૧૦/૦૬/૨૦૨૩ |
| ઓનલાઈન ફોર્મ ભરવા માટેની લિંક: અહીં ક્લિક કરો | Click to Register |

તમારું પ્રવેશ ફોર્મ કામચલાઉ ધોરણે સ્વીકારવામાં આવે છે. તા.: ૧૦/૦૬/૨૦૨૩ સુધીમાં Click to Login પર ક્લિક કરી તમારી Details એન્ટર કરી પ્રવેશ ફોર્મ ફી ૧૫૦/– ભરવાની રહેશે. ત્યારબાદ જ પ્રવેશ ફોર્મ કાયમી ધોરણે સ્વીકારાશે અન્યથા તમારું પ્રવેશ ફોર્મ આપોઆપ રદ ગણાશે.

બી.એ.માં મુખ્ય વિષય તરીકે **ECONOMICS** અને **SANSKRIT** હોય તેવા વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ જરૂરી ડોકયુમેન્ટ સાથે કોલેજમાં આવી ફોર્મ એપ્રુવ કરાવી પ્રવેશ ફી ભરવાની રહેશે.

ECONOMICS અને SANSKRITમાં વહેલાના પહેલા ધોરણે સીધો પ્રવેશ આપવામાં આવશે, આ વિષયોમાં કોઈ મેરીટ મુકવામાં આવશે નહી. તથા **English** અને **Gujarati**માં મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ **www.gdmca.ac.in** પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂ.૧૫૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈથી ભરવી. અસલ પ્રમાણપત્રો જ ઓનલાઈન અપલોડ કરવા.

૩. મેરીટ માટે કુલ ૬૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. બી.એ. સેમ–૬ના વિષયોના કુલ ગુણ–૬૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે.

૪. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાય તો Edit Existing Admission પર ક્લિક કરી ફોર્મમાં ભરેલ Mobile No. અને Birth-Date લખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફોર્મ ફાઈનલ સબમિશન બાદ સુધારો કરી શકાશે નહી.

૫. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ મેળવી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે. મેરીટ યાદી કોલેજના નોટીસ બોર્ડ ઉપર અને કોલેજ વેબસાઈટ પર જાહેર થશે. વિદ્યાર્થીએ કૉલેજની વેબસાઈટ સતત ચેક કરતા રહેવું. મેરીટ યાદીમાં નામ આવ્યેથી નિયત તારીખોમાં કૉલેજમાં રૂબરૂ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું. પ્રવેશ મેળવીને તરત જ ઓનલાઈન ફી સમય મર્યાદામાં ભરવાની રહેશે., અન્યથા તેનો પ્રવેશનો હક રહેશે નહી.

૬. ફી ભરાયા બાદ વિદ્યાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાની પાવતી તથા નીચેના ડોકયુમેન્ટની પ્રમાણિત ઝેરોક્ષ (નકલ) કોલેજમાં અચૂક જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત પુરાવાઓ સમયસર જમા નહી કરાવનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ્ થઈ જશે.

## પ્રમાણપત્રોની વિગત

૧. બી.એ. સેમ–૬ની પરીક્ષા પાસ કર્યાની ઓરીજીનલ **માર્કશીટ** અને તેની પ્રમાણિત નકલ.
૨. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. (L.C.)
૩. પછાતવર્ગના વિદ્યાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૪. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
૫. EWS(આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
૬. બી.એ. સેમ–૬ની પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય, તો નિયત નમુનામાં રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે. *(BA પછી B.Ed./ અન્ય અભ્યાસ કરેલ હોય તો, તેની માર્કશીટ્સ અચૂક રજુ કરવી.)*
૭. આધારકાર્ડની પ્રમાણિત નકલ

૭. વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.

૮. હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. સિવાય અન્ય યુનિ.માંથી બી.એ. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.માંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર (Provisional Eligibility Certificate) મેળવી પ્રવેશ સમયે રજુ કરવાનું રહેશે, ત્યારબાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૯. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૧૦. પ્રવેશ ફોર્મમાં અધુરી કે ક્ષતિવાળી ખોટી માહિતી આપનાર વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૧૧. વોટ્સએપ મોબાઈલ નંબર ફરજીયાત ઓનલાઈન ફોર્મમાં જણાવવાનો રહેશે.
પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર કાયમી રહેશે.

## વિષયોની માહિતી

| M.A. SEM-I |
|---|
| **SUBJECT** |
| ENGLISH |
| GUJARATI |
| ECONOMICS |
| SANSKRIT |

૧૨. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનિકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ અમાન્ય કરશે તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ.ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૩. કોલેજ કાર્યાલયનો સમય (જાહેર રજા સિવાય) સોમવાર થી શનિવાર સવારે ૦૮:૦૦ થી ૦૧:૦૦ કલાકનો રહેશે.

## M.A.SEM- 1 New Admission Schedule for

## Academic Year 2023-24

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | ૧૭/૦૬/૨૦૨૩ |

**નોંધ:** જો પ્રવેશ માટે જગ્યાઓ હશે તો બીજી યાદી મુકવામાં આવશે. જે માટે વિદ્યાર્થીએ સતત નોટીસ બોર્ડ અને વેબસાઈટ જોતા રહેવું.

મેરીટ યાદીમાં નામ આવ્યાથી સમય મર્યાદામાં પ્રવેશ મેળવતી વખતે વિદ્યાર્થીએ ફોર્મની સાથે ઓરીજીનલ પ્રમાણપત્રો લાવવાના રહેશે.

સ્થળ: પાલનપુર.
તારીખ: ૦૩/૦૬/૨૦૨૩

Principal
G. D. Modi College of Art
PALANPUR-385001